# અહેવાલ

## કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડા

## 76 માં પ્રજાસત્તાક દિનની ઉજવણી

26/01/25

કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડામાં 76 માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના દરેક વિદ્યાર્થી ભાઈઓ - બહેનો શિક્ષકો, તથા બિન શૈક્ષણિક સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા. તે નિમિત્તે જય સર્જીકલ હોસ્પિટલના ડોક્ટર શ્રી પ્રવીણભાઈ પ્રજાપતિ ના હસ્તે ધ્વજ વંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ શૌર્ય ગીત રજૂ કરવામાં આવ્યા હતા. NCC વિદ્યાર્થીઓને ડોક્ટર પ્રવીણભાઈ તેમજ શાળાના આચાર્યશ્રી એચ.વાય. પટેલના હસ્તે NCC પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી એચ.વાય.પટેલે તેમજ ડો. પ્રવીણભાઈ પ્રજાપતિ એ તેમના ઉદબોધનમાં વિદ્યાર્થીઓ દેશભક્તિ બારેમાસ બતાવવા સરહદ પર લડવા જવાની

જરૂરિયાત નથી આપણા રોજિંદા જીવનમાં રસ્તા પર કચરો ન ફેંકીને, જાહેરમાં ના થુંકીને ટ્રાફિકના નિયમોનું પાલન કરીને, સ્વચ્છતા જાળવીને કાયદાને માન આપીને, ફરજમાં સભાનતા દાખવીને પણ આપણે દેશભક્તિ વ્યક્ત કરી શકીએ છીએ. શાળાના આચાર્યશ્રી, એચ.વાય. પટેલ સાહેબ શાળાના સુપરવાઇઝર શ્રી સમગ્ર O.K.Cસંકુલ દ્વારા ડોક્ટર પ્રવીણભાઈ નો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો. અને શાળા ખૂબ ખૂબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.


adidas
NCC


પ્રાર્થના પરિસર
NCC